ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૫૬ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૮૬ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૬, શુક્રવાર ; ભાદરવા સુદ - ૧૫ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો




# દેશમાં સેલરી ગ્રોથ માત્ર ૦.૨ ટકા

## ભારતમાં છેલ્લા ૮ વર્ષમાં જીડીપીમાં ૬૩.૮ ટકાનો વધારો : હાલમાંજ કરાયેલ નવા અભ્યાસમાં દાવો : સમીક્ષા હેઠળના ગાળામાં વિકસિત દેશોમાં સૌથી કંગાળ સેલરી રિકવરી અમેરિકામાં છે : ગ્રોથ ૩.૧ ટકા ઘટ્યો



નવી દિલ્હી, તા.૧૫

આઠ વર્ષ અગાઉ એટલે કે વર્ષ ૨૦૦૮માં વિશ્વમાં મહામંદી બાદથી ભારતમાં સેલરી ગ્રોથનો આંકડો માત્ર ૦.૨ ટકા નોંધાયો છે. જ્યારે ચીનમાં આ અવધિ દરમ્યાન ૧૦.૦૬ ટકાનો સેલરી ગ્રોથ નોંધાયો છે. આ બાબતનો ખુલાસો હાલમાં જ કરવામાં આવેલા એક અભ્યાસ બાદના રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. કોર્નથેરીના હે ગ્રુપ ડિજિટલ દ્વારા કરવામાં આવેલા નવા અભ્યાસ મુજબ ભારતમાં આ અવધિમાં સેલરી ગ્રોથનો આંકડો ૦.૨ ટકાનો રહ્યો છે. જ્યારે જીડીપીમાં ૬૩.૮ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આ ગાળા દરમ્યાન ચીનમાં ૧૦.૬ ટકા, ઈન્ડોનેશિયામાં ૯.૩ ટકા અને મેક્સિકોમાં ૮.૯ ટકાનો વધારો થયો છે. બીજી તરફ કેટલાક અન્ય ઉભરતા માર્કેટમાં સેલરી ગ્રોથમાં આંકડો ખૂબ જ નિરાશાજનક રહ્યો છે. આ દેશોમાં તુર્કી, આર્જેન્ટીના, રશિયા, બ્રાઝિલનો સમાવેશ થાય છે. જ્યાં ક્રમશઃ -૩૪.૪ ટકા, -૧૮.૬ ટકા, -૧૫.૩ ટકાનો સેલરી ગ્રોથ રહ્યો છે. રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ભારતમાં સેલરી ગ્રોથમાં ખૂબ જ અસમાનતા જોવા મળે છે. એટલે કે સિનિયર લેવલ પર ૩૦

● અનુસંધાન પાન-૭ પર


## પીડીપીના સાંસદ તારીક હમીદે રાજીનામું આપ્યું

શ્રીનગર, તા. ૧૫

પીડીપીના વરિષ્ઠ નેતા તારીકે આજે પાર્ટી અને સંસદમાંથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. સંઘ સાથે સારા સંબંધ હોવાનો તેમના ઉપર આક્ષેપ કરાયો છે. પીડીપી ઉપર આક્ષેપ કરવામાં આવ્યા બાદ આને લઈને પાર્ટી તરફથી કોઈ પ્રતિક્રિયા અપાઈ નથી. પત્રકારો સાથે વાતચીત કરતા પીડીપીના વરિષ્ઠ નેતા તારીક હમીદે કહ્યું હતું કે પૂર્વ મુખ્યમંત્રી મુફતી મોહંમદ સઈ સાથે તેમના સારા સંબંધ હતા.

## સરકારી યોજનાઓના લાભ માટે આધાર હવે ફરજિયાત

### આધાર હેઠળ નોંધણી થયેલી હોય તે જરૂરી



નવી દિલ્હી,તા. ૧૫

આધાર કાર્ડના ઉપયોગને વધારી દેવાની ગણતરીના ભાગરૂપે હવે સરકારે ખુલાસો કર્યો છે કે તમામ કેન્દ્ર સરકારની અને રાજ્ય સરકારની સબસિડી અને અન્ય લાભ લેવા માટે આદાર કાર્ડ જરૂરી છે. આ સંબંધમાં ટુંક સમયમાં જ જાહેરાત કરવામા આવનાર છે. સુપ્રીમ કોર્ટે થોડાક સમય પહેલા ચુકાદો આપીને કહ્યુ હતુ કે સરકારી સ્કીમ માટે આધારને ફરજિયાત કરી શકાય નહી. મનરેગા, પેન્સન, કુકિંગ ગેસ, પીડીએસ, ઈપીએફ અને જન ધન જેવી સ્કીમ માટે આધાર કાર્ડના ઉપયોગને સ્વૈચ્છિક રીતે કરવા માટેનો આદેશ આપ્યો હતો. કેટલાક નિયમોમાં સુધારા કરવામાં આવી રહ્યા છે જેનો હેતુ પ્રમાણિક લોકો સુધી તમામ લાભ પહોંચાડી દેવાનો રહ્યો છે. ડેટા સિક્યુરિટીના મામલે કેટલીક બાબતોમાં ધ્યાન રાખવામાં આવે તે જરૂરી છે. યુઆઈડી ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સીઈઓ ભુષણ પાન્ડેએ કહ્યુ છે કે કેટલાક માર્ગદર્શન તૈયાર કરવામાં આવી રહ્યા છે. આધારના ઉપયોગને લઈને કેટલાક મામલે લોકોમાં ચર્ચા રહી છે. હાલમાં આધાર સાથે મોટા ભાગની સ્કીમને જોડી દેવામાં આવી છે.

# સપામાં મુલાયમના શબ્દો અંતિમ : શિવપાલ

## પાર્ટી ૨૦૧૭ વિધાનસભા ચૂંટણીમાં જીત મેળવશે : પરિવારમાં લડાઈનો કરેલો ઈનકાર મુલાયમસિંહના નિર્ણયોને પડકારી શકે નહીં : અખિલેશ પિતાથી નાખુશ



નવી દિલ્હી, તા. ૧૫

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ દ્વારા મોટાભાગના ખાતાઓ આંચકી લીધા બાદ નારાજ દેખાઈ રહેલા વરિષ્ઠ નેતા શિવપાલ યાદવે કહ્યું હતું કે સમાજવાદી પાર્ટીમાં સ્થિતિ સુધારવાના પ્રયાસ થઈ રહ્યા છે. શિવપાલે કહ્યું હતું કે સમાજવાદી પાર્ટીમાં મુલાયમસિંહ યાદવ સર્વોચ્ચ સત્તા છે. તેમનો નિર્ણય અંતિમ હોય છે. તેમણે કહ્યું હતું કે નેતાજી (મુલાયમ)નો નિર્ણય અંતિમ હોય છે. તેમના નિર્ણયને કોઈ પડકાર ફેંકી શકે નહીં. અન્ય શબ્દોમાં તેઓ માત્ર એટલું જ કહેવા માંગે છે કે પરિવારમાં કોઈ લડાઈ નથી. પરિવારનું મહત્વ છે. પાર્ટી બિલકુલ સંગઠીત છે. ૨૦૧૭ વિધાનસભાની ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીની જીત થશે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે ગાંધીનગર આવતા વડાપ્રધાન મોદી

## રાજભવનમાં રાત્રિ રોકાણ કરશે : મંત્રી મંડળના સભ્યો સાથે બેઠક કરશે : ૧૭મીએ પ્રભાતે પંચદેવ મંદિરમાં પૂજા-અર્ચના કરી હિરાબાના આશિષ માટે રાયસણ મુકામે મોટર માર્ગે જશે

ગાંધીનગર, તા. ૧૫

દેશના વડાપ્રધાન અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી રાજ્યના બે દિવસના વિધિવત પ્રવાસે આજથી આવી રહ્યા હોઈ ગાંધીનગરમાં તેમના ભવ્ય સ્વાગત માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

વડાપ્રધાન મોદી આજે સાંજે હવાઈ માર્ગે અમદાવાદ અને ત્યાંથી ગાંધીનગર રાજભવન ખાતે આવી પહોંચશે. રાત્રિ રોકાણ તેઓ રાજભવન કરનાર છે.

વડાપ્રધાન શ્રી મોદી રાત્રી રોકાણ દરમ્યાન રાજ્ય મંત્રીમંડળના સભ્યો સાથે બેઠક યોજાનાર છે. જેમાં રાજ્યના વિકાસને લઈ કેટલીક મહત્વની ચર્ચાઓ ઉપરાંત રાજ્યની રાજકીય સ્થિતિ અંગે પણ ચર્ચા કરશે તેમ મનાઈ રહ્યું છે.



વડાપ્રધાનશ્રીના આ પ્રવાસને લઈ વહીવટી તંત્ર પણ પૂરેપૂરી રીતે તૈયારીઓ કરી રહેલ છે. ૧૭મીએ તેમનો જન્મદિવસ હોવાથી સવારે તેઓ પહેલા પંચદેવ મંદિરના દર્શને જશે. આ પછી પક્ષના કેટલાક અગ્રણીઓ સાથે તેમણે વિશેષ પરામર્શ બેઠક રાખી છે.

પ્રધાનમંત્રી શ્રી મોદી સવારે નવ વાગે તેમના માતુશ્રી હિરાબાના આશિષ લેવા માટે રાયસણ વૃંદાવન બંગ્લોઝમાં તેમના લઘુબંધુ પંકજ મોદીના ઘરે જશે. ત્યાંથી તેઓ વડીલ બંધુની દિકરીના થયેલ દુઃખદ અવસાનને લઈ શાંન્તવના પરિવારજનોને આપવા જવા રવાના થશે.

# સુરતમાં મોદીના જન્મ દિવસે મહાકાય કેક કપાશે

## એક ટનથી વધુ વજન ધરાવનાર કેક બનશે : વિશ્વ રેકોર્ડની તૈયારી ૧૦ હજારથી વધુ યુવતીઓને કેક વિતરીત કરાશે : મહાકાય પિરામીડ કેક સુરતમાં કાપવા માટેનું આયોજન કરાયું

અમદાવાદ,તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસની ઉજવણી ૧૭મી સપ્ટેમ્બરના દિવસે કરવામાં આવનાર છે ત્યારે મોદીના જન્મ દિવસે એક ટનથી વધુ વજનના દુનિયાના સૌથી ઉંચા પિરામીડ કેક બનાવવાની તૈયારી ચાલી રહી છે. આના કારણે નવો રેકોર્ડ સર્જાશે. આની સાથે સાથે એવી ભારતીય પુત્રીઓનું સન્માન કરાશે જે વહીવટીતંત્ર, વિજ્ઞાન, રમત, કલાના ક્ષેત્રમાં પોતાની સિદ્ધિઓથી દેશને ગર્વ કરવાનું કામ કરી ચુકી છે. ૧૭મી સપ્ટેમ્બરના દિવસે મોદી પોતાના વતન રાજ્ય ગુજરાતમાં રહેશે. તેમના જન્મ દિવસ પર પિરામીડ કેક સુરતમાં કાપવામાં આવશે. આ ખાસ આયોજન ગુજરાતની અતુલ બેકરી, બિનસરકારી સંગઠન, શક્તિ ફાઉન્ડેશન અને દેશમાં ગિટારના ૩૦૦થી વધુ કેન્દ્ર ચલાવનાર સંસ્થા ગિટારમોન્ક દ્વારા કરવામાં આવશે. આ કાર્યક્રમમાં દેશભરના ૧૦૦૦થી વધુ યુવા ગિટારવાદક ઉપસ્થિત રહેશે. આ ગિટારવાદકો જન્મ દિવસના પ્રસંગે ખાસ ધુન વગાડશે અને શાંતિ સંદેશો આપશે. એમ્પાવરીંગ ઈન્ડિયાના સંદેશવાળા આ કેસમાં ચર્ચિત પુત્રીઓના જુદા જુદા ક્ષેત્રોમાં ઉપલબ્ધ સિદ્ધિઓનો ઉલ્લેખ રહેશે. ગિટારમોન્કના નિર્દેશક કપિલ શ્રીવાસ્તવનું કહેવું છે કે જે દેશમાં મહિલાઓની શક્તિ તરીકે પૂજા કરવામાં આવે છે ત્યાં ભ્રૂણ હત્યા, દહેજ હત્યાના મામલા ચિંતા ઉપજાવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બેટી બચાવ, બેટી પઢાવના સંદેશ ખૂબ મહત્વપૂર્ણ છે. સ્વચ્છ ભારત અભિયાન અને પુત્રીઓને મફત પુસ્તકો ઉપલબ્ધ કરાવવા સાથે જોડાયેલી અતુલ બેકરી આ કેક ફ્રીમાં તૈયાર કરશે. આ કેક દિવ્યાંગ, નબળા વર્ગના લોકો, વંચિત વર્ગના લોકો, ૧૦ હજારથી વધુ યુવતીઓને આપવામાં આવનાર છે. શક્તિ ફાઉન્ડેશનના પ્રયાસ છે કે આ પહેલને ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં ચોક્કસપણે સ્થાન મળે. નરેન્દ્ર મોદી ગુજરાતમાં જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લેશે નહીં. ૧૭મીએ જન્મ દિવસે પહોંચ્યા બાદ તેઓ પરિવાર અને માતા સાથે જન્મ દિવસ મનાવશે.

# સૌરાષ્ટ્રભરમાં ભારે વરસાદ

## વિસાવદરમાં છ ઈંચ : અમરેલી, રાણાવાવ, સાવરકુંડલા, પોરબંદર, ધારી, લીલીયામાં વરસાદ માહોલ : અમદાવાદમાં ઝાપટા

અમદાવાદ, તા.૧૫

ગુજરાતમાં ફરી એકવાર હવામાનમાં જોરદાર પટલો આવ્યો છે જેના પરિણામ સ્વરુપે સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ પડ્યો છે. મોનસુન સિઝનની પૂર્ણાહૂતિ થઈ રહી છે ત્યારે અંતિમ દિવસોમાં આજે જોરદાર ઝાપટા પડતા લોકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકામાં બે કલાકના ગાળામાં જ છ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો. બીજી બાજુ કડીમાં લાંબા સમયના વિરામ બાદ બપોર પછી જોરદાર વરસાદ તુટી પડ્યો હતો. સાવરકુંડલામાં દોઢ ઈંચ વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. હવામાન વિભાગ તરફથી વરસાદની આગાહી પણ કરવામાં આવી છે. મળેલી માહિતી મુજબ આજે બપોર બાદ એકાએક વાતાવરણમાં પલટો આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

Happy Birthday
to
ડો. વિરલ પી. પટેલ



Many Many Happy
returns of the days

પ્રિત ડી. પટેલ
દિવ્યાંગ એ. પટેલ
દિપલ ડી. પટેલ

પ્રાન્શી પી. પટેલ
ડો. પ્રકાશ એચ. પટેલ
હસમુખભાઈ કે. પટેલ
લલિતાબેન એચ. પટેલ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET




D'DECOR Live beautiful
DC TEX FURNISHINGS
HOMES
COPPER
Kurl-on PU FOAM
SPRINGFIT

• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS

Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 ,09829719885 ,09462597151

Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651



સ્વાગતમ્

ઓલ ઈન્ડિયા બેંક ઓફ બરોડા ઓફીસર્સ એસોસીએશનના જનરલ સેક્રેટરી તેમજ સમગ્ર બેંકીંગ ઈન્ડસ્ટ્રીઝના અધિકારીઓના મસીહા અને ભીષ્મપિતામહ શ્રી કે. કે. નાયર સાહેબનું હોટલ હવેલી, ગાંધીનગર ખાતે આજે યોજાનાર વાર્ષિક સાધારણ સભામાં હાર્દિક અને અંતઃકરણપૂર્વક સ્વાગત....

તમામ અધિકારી ગણ
અમદાવાદ ક્ષેત્ર
મહેસાણા ક્ષેત્ર
ગાંધીનગર ક્ષેત્ર